NJESR/June 2021/ Vol-2/Issue-6 ISSN 2582-5836

Peer Reviewed & Refereed Journal

# આદિવાસીઓનો સાંસ્કૃતિ વારસો : એક મૂલ્યાંકન

ડૉ. રાકેશ ડી. ભેદી
આસિ. પ્રોફેસર
સમાજશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ભારતએ સંસ્કૃતિ, પરમ્પરા અને કલાની ભૂમિ છે. લોકકલા અને સંસ્કૃતિ એ ખૂબ જ વખણાયેલાં હતા અને આપણા જીવન સાથે વણાયેલો ભાગ હતા. અતિ સમૃદ્ધ વારસામાં આંગળીના વેઢે ગણી શકાય તેવી હસ્તકલા, આદિવાસી મેળાઓ, હોળીના ઉત્સવો, ધાર્મિક પરમ્પરાગત વિધિઓ, આદિવાસીના સગાઈ–સમ્બન્ધો, લગ્નની ઉજવણી, ભીંતચિત્રો, મોતીકામ, માટીકામ, કાષ્ટકલા, લાકડામાંથી અને કાગળના માવામાંથી મોહરાં બનાવવા, વાંસકામ, આદિવાસી લોકવાર્તાઓ–વૃત્તાંતકથાઓ, આદિવાસી લોકવાદ્યો, લોકનૃત્યો, ખુલ્લી જગ્યામાં ભજવાતા ભવાડા–મોહરાં નૃત્યનાટિકા, ભારતીય પરમ્પરાગત ગામઠી કલામાંથી બનાવવામાં આવતા ઘરેણાં, ઘાસના ઘરેણાં, પરંપરાગત રીતે બનાવવામાં આવતા સંગીતના વાદ્યો, તેમજ તેને પ્રસ્તુત કરતાં આપણી લોક સંસ્કૃતિને ભારતીય તરીકે એક ગર્વની લાગણી અનુભવીએ છીએ.

ગુજરાત એ પ્રાકૃતિક રીતે સમૃદ્ધ અને વિવિધ આદિવાસી સાંસ્કૃતિક વારસા સાથે મુખ્યત્વે પશ્ચિમપટ્ટીના જંગલો અને પહાડો તરફ આકર્ષણ જમાવે છે જે ગુજરાતનું આકર્ષણ કેન્દ્ર છે. લગભગ ૯૦ લાખ આદિવાસીઓ રંગીન અનેક ફૂકલોથી સજાવેલાં ગુલદસ્તા જેવી શોભા વધારી રહ્યાં છે.

સામાન્ય રીતે આપણો સમ્બન્ધ પછાતપણા અને બિનશૈક્ષણિક લોકો તરફ વધારે સૂગ ઊભી કરતો જણાય છે. આપણે શૈક્ષણિક રીતે પછાત એટલે સાંસ્કૃતિક રીતે પછાત એવું સમજીએ છીએ, પરન્તુ સંસ્કૃતિ અને પછાતપણાને કોઈ સમ્બન્ધ જ નથી. પછાતપણાને સંસ્કૃત સાથે કયારેય સરખાવી શકાય નહીં, શિક્ષણ અને પછાતપણાને કે અભણને સંસ્કૃતિ સાથે જોડવું યોગ્ય નથી. ભાતીય આદિવાસીઓ આનો ઉત્તમ નમૂનો અને ઉદાહરણ છે. દુર્ગમ અને પછાત વિસ્તારોમાં રહેવાવાળા આદિવાસી આજે પણ દેશમાં છે. અજાણ અને અભણ જે વિસ્તાર કોઈપણ પ્રકારે પરેશાન નથી તેમજ વિખૂટાં પડેલાં છે તેવા પ્રદેશો/વિસ્તાર આધુનિકરણનો, વિકાસનો લાભ લઈ શકતા નથી તેવા વિસ્તારમાં રહેતા લોકો એક સમૂહજીવનની પ્રક્રિયામાંથી પસાર થાય છે. અવાજ લોકો જીવન સાથે

એક રસ થઈને જીવન જીવે છે. આ લોકો સંગીત, નૃત્ય, સમુચિત યન્ત્રવિદ્યા તેમજ સમતોલપણે શારીરિક બાન્ધાને સાચવીને જીવનને સફળ બનાવે છે. ઉત્તમ પ્રકારની અલગ–અલગ ભાત શરીર ઉપર ગોદાવીને શરીરના હિસ્સાના દરેક ભાગને એક ઘરેણાનાં રૂપમાં સજાવે છે, જે તેમના મતે એક જરૂરી શરીરનો હિસ્સો બની જાય છે. તેઓએ તૈયાર કરેલી ભાત વર્ષોના આધારે ભલે જૂની લાગે, પરન્તુ તે સમયાન્તરે સમયમાંથી તૈયાર થયેલી તેમના જીવનની, શૈલીની એક છાપ છે. છતાં આપણી આધુનિક જીવન પદ્ધતિ કરતા તે જૂની શૈલી ખૂબ જ સુગમતા સભર લાગે છે. તેમની પોતાની મૌલિકતા અને તેની પોતાની જરૂરિયાતના આધારે ઘર સજાવટ, વાસણો, ટોપલા ટોપલીઓ, સંગીતના સાધનો વગેરે મર્યાદિત સરસામાન વાપરીને બનાવે છે અને તેમની અતિ તીવ્ર મૌલિક હસ્તકલાના નમૂના બનાવવાની ઊંચી ભાવના, તેમના અણવિકસિત, પછાત વિસ્તારમાં રહેતાં અશિક્ષિત–પછાત લોકો વધારે સંસ્કારી, વધારે સૂઝ સાથે સંસ્કારિતાની સમૃદ્ધિ દર્શાવી રહ્યાં છે. જે લોકો શહેરના છે અને ગામડામાં રહેતાં લોકો કરતાં પોતને વધારે સંસ્કાર સમજે છે. તેવાં સુધરેલાં લોકો કરતાં પછાત લોકો પોતાની સંસ્કારિતા સાથે વધારે સારા કહેવડાવે છે. આજના વર્તમાનકાળના વિશ્વમાં આપણે કંઈક અધુરા અને સંસ્કારિતાની ઓળખ સાથે આપણે આપણી ઓળખ ભૂલાવી રહ્યાં છીએ. જે બદલાતા જતાં જીવનનો હિસ્સો છે. આપણે આપણી સંસ્કારિતાની ઓળખ માટે પરત ફરવું જરૂરી લાગે છે.

આદિવાસીઓની કલા અને ઉત્સવો કોઈ દેખાવ માટે હોતા નથી કે નથી હોતા પ્રેક્ષકોને આકર્ષવા. તે માત્ર સામૂહિક રીતે દરેક વ્યક્તિ સહભાગી બને તેમાં જોડાય તેવી લાગણીથી થતાં હોય છે. દા.ત. હું જ્યારે બહાર આદિવાસી વિસ્તારમાં હતો ત્યારે મેં ઘણી બધી ભાત ભેગી કરી હતી. આ અલગ–અલગ ભાત આદિવાસી વિસ્તારમાં ત્યાંના કુંભાર ખૂબ સરસ રીતે પોતાના હાથ વડે સર્જન કરતાં હતા. દીવાળી પછી આવા પ્રકારના માટીકામ કુંભાર બન્ધ કરી દે છે. તેવી જ રીતે કુંભારના હાથે ઘડાયેલા અલગ–અલગ આદિવાસી જાતિ પ્રમાણેના ઘોડા, હાથી, મોર ઊંટ, ગાય, ગમાણ, બળદ, પુરુષ, અસ્ત્રી આ બધાં માટીના પ્રતિકો આદિવાસી ધાર્મિક પ્રતિકો તરીકે ગામમાં આવેલી સરસ ચોખ્ખી સ્વચ્છ જગ્યામાં પૂજાવિધિમાં મૂકાય છે. હાથેથી ઘડાયેલા સુન્દર પ્રતિકો ભગવાનાં સાનિધ્યમાં મૂકાય એથી વિશેષ સૌભાગ્ય, સદ્‌ભાગ્ય કેવું ? એટલે કે ભગવાનની નિશ્રામાં મૂકાયેલી વસ્તુઓ એક લ્હાવો કહી શકાય. તેવું આદિવાસીઓ માને છે. આ સ્વચ્છ પૂજાને લાયક ઠરેલી જગ્યા લોકદેવતાના સ્થાન તરીકે કે ગામદેવના નામે ઓળખાય છે. જેમાં ગામનો દરેક આદિવાસી સહભાગી બને છે.

ઘણીવાર આજ પવિત્ર જગ્યા ધાર્મિક ઉત્સવો અને વિધીઓ માટે તૈયાર કરતાં હોય છે. આપણે આદિવાસી સમાજ પાસે છે એવા ઘણા સન્ધભાવનાના પાઠ શીખવા જેવાં છે. પોતાની શક્તિ પોતાની સમજ અને વસુધૈવ કુટુમ્બ કમ જેવી તેમની ભાવના જાણે કોઈ આદિવાસી શાળામાં પોતાના જ હસ્તે તૈયાર થયેલાં નિયમો જોઈએ તો એવું લાગે કે કોઈ એક શૈક્ષણિક સંસ્થામાં તૈયાર થયેલાં લાગે. આદિવાસી સમાજમાં જે પણ વ્યક્તિ જન્મે છે એ જન્મજાત એક કળાને લઈને જન્મે છે. તેમાં કોઈ પાઠ કે તેમને તાલીમ આપવામાં આવતી નથી અને આજ પાઠ તેમને નાનપણથી મોટાં થતાં સુધીમાં જીવન જીવવાની સમજ આપે છે. પોતાની સંસ્કારિતાને સિંચવાનું કામ આદિવાસી સમાજમાં જોઈ શકીએ છીએ.

છત્તીસગઢના મૂરિયા આદિવાસીઓ હાલમાં જે બસ્તર વિસ્તાર તરીકે ખૂબ જાણીતો છે. ત્યાંની પંચાયત એવું નક્કી કરે છે કે દરેક અપરિણિત યુવાન સ્ત્રી–પુરુષ પન્દરથી એક મહિનો સાથે જ એક યુવાગૃહમાં એક પતિ–પત્ની તરીકે સાથે રહે છે, પોતાના વિચાર એકબીજાની સમક્ષ રજૂ કરીને પછી પરણવાનો નિર્ણય પંચાયત સમક્ષ મૂકે છે. આવા યુવાગૃહો યુવાનોને જીવન ઘડતરની તાલીમ આપીને જીવન જીવવાની તાલીમ આપે છે. તેમાં કયાંય બિભત્સતા કે કોઈ ગલીચ્છતા દેખાતી નથી. તેમાં યુવા સ્ત્રી–પુરુષોની પારદર્શકતા, પોતાના ભાવિ વિચારો, કુટુમ્બ, ઘર, સમાજને કેટલાં ઉપયોગી થઈએ તેવા વિચારોનું મન્થન છે. આ યુવાગૃહની સમગ્ર પ્રક્રિયા આવનારી યુવા પેઢીને સામાજિક, આર્થિક, ખેતી વિષયક, ભૌગોલિક, ધાર્મિક તેમજ જીવન સાથે સંકળાયેલાં અનેક પાસાંઓને આવરી લઈને ઘડવાનું કામ કરે છે. આ પંદરથી એક મહિનાના ગાળામાં દરેક યુવાન આદિવાસી સ્ત્રી–પુરુષ સંગીત નૃત્ય અલગ–અલગ પોતાના સમાજની જવાબદારીઓ અને સમાજને કેટલાં મદદરૂપ થઈ શકાય તેમજ સમૂહ સમાજજીવન જીવવાના પાઠ શીખે છે. તેમના માટે આ સર્વકળા તેમના રોજીંદા જીવનનો એક હિસ્સો બની જાય છે.

૧૯૪૯માં વેરિયર એલ્વિને કહ્યું હતું કે,'આદિવાસી સાથે ગાળેલા દિવસો, તેમની કળા અને સંસ્કૃતિ ઝબૂકતાં આગિયાંની માફક ભૂતકાળની વાર્તા બની ગયા, તેમાંથી નીકળતો પ્રકાશ ઝાંખો પડીને વિલીન થઈ ગયો છે. આદિવાસી જીવન પદ્ધતિ બદલાતી નજરે પડે છે.' આજના આદિવાસીઓ જેવા કે ભીલ, વારલી, રાઠવા અને બીજું અન્ય પોતાના જીવન ટકાવવા માટે નોકરીની શોધમાં કવોરી, મજૂર તરીકે મિલ કે કારખાનાઓમાં કામ કરી રહ્યાં છે અને સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી રહ્યાં છે. તેમની

કળાઓ મૃતઃ પ્રાય થવાની દિશામાં ગતિ કરી રહી છે. નોકરી માટે કુટુમ્બને જીવાડવા માટે પોતાની તેજસ્વીતા, પોતાનું કૌશલ્ય, પોતાની કળાને, પોતાની હસ્તકળામાં જે માહિર છે તેવાં હાથ હવે માત્ર પાવડા, કોદાળી કે અન્ય ઓજારો પકડીને પોતાના સર્જનાત્મક હાથ માત્ર મજૂરી કરશે. આવી પરિસ્થિતિ માટે આપણે શું કરી શકીએ ? બિહારનું મધુબની ચિત્રકામ, રાઠવા તેમજ વારલીના ભીંતચિત્રો, કુંકણા આદિવાસીના કાગળના માવામાંથી બનાવવામાં આવતાં મોહરાં, કાષ્ટકલા, લોકવાદ્યો, લોકનૃત્યો તેમનાં પારમ્પારિક રીત–રિવાજો, તેમની ધાર્મિક માન્યતાઓ જે તેમના હૃદયના મૂળમાં રહેલી છે. જે તેમની પોતાની છે. અતિ દુર્ગમ પછાત વિસ્તારમાં રહેતાં આદિવાસીઓ પોતાની મૂળ સાંસ્કૃતિ, કલા તેમજ તેમની સર્જનાત્મક શક્તિના કૌશલ્યને ટકાવીને રાખી છે. જેમને સુધરેલાં સમાજની અસર થઈ નથી. તે હજી એવાને એવા મૂળ સ્વરૂપમાં સચવાયેલાં જોવા મળે છે. વધારે પછાતપણું તેમની મૂળ કલાને સાચવવાની મહોર મારે છે અને તેમની કળાની ગુણવત્તા આજે પણ એટલી જ સચવાયેલી પછાત વિસ્તારમાં જોઈ શકાય છે.

આદિવાસી કલાકાર એ જન્મજાત કલા લઈને જન્મે છે તેને કોઈ તાલીમ આપવાની જરૂર નથી. એ પોતે એક સામાન્ય વ્યક્તિ તરીકે દેખાય છે. અથવા તો ગામનો ભગત–ભૂવો તરીકેના કાર્ય કરતો હોય છે. વડોદરા જીલ્લાના છોટાઉદેપુર તાલુકાનો નારસિંગ બળગો ટેંટિયોં એક ખૂબ સારો 'પિઠોરા ભીંત ચિત્ર' ચિતરવાવાળો ચિત્રકાર છે, પરન્તુ તે હાલમાં ૨૨ ગામના ભૂવાની જવાબદારીઓ અદા કરીને લોકોના દુઃખ, દર્દમાં સહભાગી થઈને પ્રશ્નોનું નિરાકરણ કરે છે. તેમના સર્જનાત્મક હાથ માટે કોઈ આધુનિક હથિયારોની જરૂર નથી અને તેઓ જ્યારે કળાના કાર્યમાં જોડાય છે ત્યારે ખૂબ જ સાદા હથિયારનો ઉપયોગ કરે છે. આદિવાસી કલાકાર એ પૂર્ણ વ્યવસાયિક રીતે કલાનું કામ નથી કરતો. પોતાના આનન્દ માટે, પોતાની ખપ પૂરતું જ સર્જનાત્મક કામ કરે છે. તેવી જ રીતે બહેનો પણ પોતાની ખપ પુરતાં મોતી કામના ઘરેણાં, ભરતકામ તેમજ રોજિંદા વપરાશમાં લેવાતી દરેક વસ્તુ પોતાના હસ્તે જ ઉત્પાદન કરીને વાપરે છે. તેમને કોઈ બજારમાં જઈને વેચવાની જરૂર નથી.

દરેકે દરકે આદિવાસી વિસ્તારની પોતાની ખાસિયતો જોવા મળે છે. જે બીજા અન્ય વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ કરતાં અલગ જોવા મળે છે. તેઓ પોતાની આગવી કલાસૂજને બીજાથી કેટલી અને કેવી અલગ લાગવી જોઈએ એ અંગે હંમેશા વિચારે છે. તેઓની કલામાં કોઈ સ્પર્ધાત્મક તત્ત્વો આજસુધી પ્રવેશ્યા નથી. જ્યારે પણ સ્પર્ધાત્મક કાર્યની શરૂઆત થશે ત્યારે તેમાં આધુનિક અસરોને

પ્રવેશવાની શરૂઆત હશે. આદિવાસી કલા અને સંસ્કૃતિ તેમના સમાજના સિક્કાની બે બાજુ છે. ભારતીય આદિવાસી સમુદાયમાં અનેક વિવિધ કળાઓ પોતાની આગવી શૈલી, પારંપારિક પ્રતિકો, ચિત્રો, તેના વળાંક, તેમની કલા પ્રત્યેની લાગણી એક અલગ ભાગ જૂ કરે છે.

આદિવાસી પોતાની કળામાં જેટલો માહિર છે તેટલો જ પોતાની સંસ્કારિતા અને સંસ્કૃતિ અંગે પણ એટલા જ સભાન છે. જ્યારે જ્યારે પણ પ્રસંગોપાત પોતાની જે લાગણી અભિવ્યક્ત કરવાની હોય છે ત્યારે તેમાં એક ઊંડી ભાવના જોવા મળે છે. તેમાં તેમની સંસ્કૃતિ પ્રત્યેની સહજતા જોઈએ છીએ. સમ્પૂર્ણપણે અતિ દુર્ગમ વિસ્તારમાં રહેતો આદિવાસી સમ્પૂર્ણપણે વિભક્ત જરૂર હોય છે પણ તેમાં રહેલી સંસ્કૃતિ તેની કલા કયારેય વિભક્ત જોવા નથી મળતા. સમ્પૂર્ણ અલગપણું એ કયારેય કોઈ પણ વિકાસને અને પ્રગતિને રુન્ધતો નથી. તેમાં પણ સંસ્કૃતિ એવું એક માધ્યમ છે કે જે એકલવાયી, અટૂલી અને અલગ રહેવા છતાં વધારે પ્રગતિકારક લાગે છે. આ દુર્ગમ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ અલગ રહેવા છતાં વધારે પ્રગતિકારક લાગે છે. આ દુર્ગમ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ અલગ રહેવા છતાં સંસ્કૃતિના વિકાસ ને રુંધતા જોતા નથી. આ અલગતાપણું જ તેમની સંસ્કૃતિના વિકાસની વ્યાખ્યા કહી શકાય. આજ દુર્ગમ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ પોતાના સંસ્કૃતિના વિકાસની વ્યાખ્યા કહી શકાય. આજ દુર્ગમ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ પોતાના સંસ્કૃતિને અને કલાવારસાને વધારે સમૃદ્ધ અને સાંસ્કૃતિક વારસાને બેસાડે છે. ડાંગના વધઈ કે ડેડિયાપાડાના જંગલમાં ભજવાતા તેમના પારમ્પારિક નૃત્યોમાં કયાંય આજે આધુનિનકતાની અસર જણાતી નથી. ગાંઠિયા–ગાબડીયા કે પછી મલાજોમાં ચિતરાયેલાં છોટા ઉદેપુર તાલુકાના રાઠવા આદિવાસીનું ભીંતચિત્ર 'પિઠોરો' આજે પણ પોતાની પારમ્પારિક લોકકલાના નમૂના રૂપકલા વિશ્વભરમાં ડંકો વગાડી રહ્યો છે.

તેવી જ રીતે હાટવાડામાં ઘરનો સામાન ખરીદવા નિકળેલી ભીલ કન્યા કે પછી વારલી, કુકુણા કન્યા પોતાના કોરા શરીરને છૂંદણાની અલગ અલગ ભાત પાડીને વધોર આકર્ષક અને પોતાના સમગ્ર વ્યક્તિત્વને ખીલવવાનો પ્રયત્ન કરે છે. જે પોતાની સંસ્કૃતિનો એક ભાગ છે. ઘરેણું ન હોય તો ચાલે પણ છૂંદણાં ગોદાવીને ઘરેણાંની ગરજ છૂંદણા પૂરી કરે છે. આ છૂંદણા ગોદાવવાની ક્રિયા અતિ પીડાકારક હોય છે. એ પીડામાં પણ સંસ્કૃતિનો ઉદ્‌ભવ જોઈ શકાય છે. તેવી જ રીતે જંગલમાં નીકળેલાં નાના ડાંગી બાળકો રમતા રમતાં વાંસ કાપીને સરસ અને આકર્ષક વાંસકામના નમૂનારૂપ

'માદવ' સંગીતનું સાધન સહજતાથી બનાવીને પોતાના બાળપણનો આનન્દ લૂંટે છે તેમનો જંગલ સાથેનો નાતો બાળપણની રમતો સાથે જોડીને જંગલની મજા લૂંટવાની સાથે સાથે ભવિષ્યમાં આવનારા આધુનિક સંગીત સામે સંઘર્ષ છેડવાની વાત અહીં મૂકતા જણાય છે. આદિવાસી કલા અને સંસ્કૃત્નિ સામાન્ય જનજીવન સાથે વણાયેલો, ગૂંથાએલો પેલો ગૂલસિંગ ટૅંટીયો પોતાની પારમ્પારિક કલાને જોવાની પોતાની આંખથી ટેવાયેલો છે. તેમાં સર્વ સામાન્ય રીતે પોતાની આસપાસની પ્રાકૃતિક કલ્પનાઓનું સજીવન પણે નિરૂપણ કરતો તેને નિહાળીને પોતાની જ દુનિયામાં ગરકાવ થયેલો જોઈએ છીએ. એના વિચારોમાં માત્ર પોતાના દેવ–દેવીએ, ગાય, ગમાણ, મોર, વાંદરો, ઝાડ–પાન, ગામનો પટેલ, ખેતરપાળ, પિઠોરી–પિઠોરો, બારમાથાનો ધણી, વાઘદેવ, સાપદેવ, સુરજદેવ, ચન્દ્રદેવ, બાબોઈંદ, પનિહારિઓ, ગોવાળિયો, ગણેશજીનો હાથ આ બધાં જ ભીંત ચિત્રોના પાત્રો પોતાની નિર્દોષ કલ્પનાથી ચિતરાયેલાં આજે પણ આપણે તેમના દુર્ગમ વિસ્તારોમાં અલિપ્ત કોઈપણ પ્રકારની આધુનિક ઝાંય વગર આપણી સમક્ષ આપી એક લોકકથામાં વણાયેલાં પોતાના મૂળ સ્વરૂપમાં ત્યાંના વાતાવરણમાંથી જીવન્ત સ્વરૂપે કાંઈક લોકકથાનો ઈતિહાસ સમજાવતા, કહેતા પોતાની જ ગામઠી ભાષામાં ગાયણા રૂપે આપણી સમક્ષ રજૂ થતાં દેખાય છે. પોતાની કલ્પના, પોતાના જ દ્વારા સર્જાયેલા વાંસની પીંછીથી રંગાયેલા દરેક પાત્રો, પોતાની નાની–નાની વાર્તાઓની સંવેદનાઓને વાચા આપીને કંઈક કહેતા નજરે પડે છે. પોતાની કલ્પના શક્તિ અને મૌલિક શક્તિના મિશ્રણથી જે પણ પાત્રો, આકારો, સર્જાય છે અને તે પણ પોતાના વિસ્તારની અસરકારકતા પ્રસ્તુત કરતાં આપણા આવનારા આધુનિક કલા–સાંસ્કૃતિક પ્રચંડ વંટોળને આંબવાની વાત કરતા જણાય છે.

જે જૂનું છે, જેવું છે, જ્યાં છે, જેવાં સ્વરૂપમાં છે અને જેવી પરિસ્થિતિમાં તે હંમેશા ટકાઉ પણા સાથે જીવન્ત લાગે છે, જ્યારે ત્વરિત સર્જન શક્તિ દ્વારા નિર્માણ પામેલી સંસ્કૃતિ એ અસરકારક જરૂર હોય છે પણ તેની અસર ટૂંકાગાળા માટે આવીને ભૂલાઈ જાય છે આજે સુધરેલા સમાજના લોકો ભૂલાતી જતી આ લોકકલા સંસ્કૃતિને પોતાના આધુનિક સમાજ સાથે ભેળવીને પોતાના ઘરનું, પોતાની થોડી સમજેલી શક્તિને વધારે વિશાળ પ્રમાણમાં લોકો સમક્ષ મૂકીને પોતાના વ્યક્તિત્વનું સ્ટેટસ વધારવાની કોશિષ કરીને આપણી આ વિસરાતી જતી લોકકલા– સંસ્કૃતિને જાણે પોતે જ તેના સર્વસ્વ છે અને તેના સિવાય બીજા કોઈને તેના વિશે માહિતી નથી તેવો પોતે ડહોળ કરતા જણાય છે. પોતાના અહમ્ અને બાહ્ય આડમ્બર અહંકારને પોતે તે લોકકલા વિશે તજ્જ્ઞતા ધરાવે છે તેવું એક સુગરકોટેડ

પડ ચઢાવીને પોતાની અજ્ઞાનતાનું પ્રદર્શન કરીને સાચી લોકકલા સંસ્કૃતિને ઢાંકવાની કોશિષના પ્રયત્નો અહીં છતાં થતાં જણાય છે.

હવે આ મરતાં લોકકલા–સંસ્કૃતિના વારસોને જીવાડવાના વાંકે આપણે કેટલાં સજાગ છીએ ? એ પણ સમય બતાવશે. આપણે હવે સિમેન્ટના વાતાવરણમાંથી લેવાતા ઘાસમાં કોઈ શુદ્ધતા છે ખરી ? એ સમજવું જોઈએ. જે જે કલાવારસામાં વણાયેલી જીવન્ત કલા છે તેને વધારે સારી રીતે કેવાં પોષકતા પૂર્વક સંભાળીએ એ અગત્યનું છે. તે જ્યાં છે, જેવું છે, જેવી રીતે છે અને જ્યાં સ્વરૂપમાં છે તેને છેડછાડ ન કરતાં તેને ત્યાં જ રહેવા દઈએ અને લોકો તેનો કેટલો ઉપભોગ સમજણ સાથે કરે છે તે વધારે વર્તમાન સમય સાથે સુસંગત રહેશે. આપણા દિવાનખંડની શોભા વધારવા, આપણા સ્ટેટસને વધારવા અને લોકો તેને જોઈને પોતાની વાહ વાહ કરે તેવી લોકકલા અને સંસ્કૃતિને બલિનો બકરો ન બનાવતા તેને ઊંડાણપૂર્વક સમજીને લોકો સમક્ષ તેની સાચી કથા–વ્યથા મૂકવાની જરૂર છે.

કલા–સંસ્કૃતિની ઘટમાળ સમયના આધારે પરિવર્તિત રહ્યા કરશે, આકારો પણ બદલાશે, તેના મૂળ સ્વરૂપની સમજણને વધારે સમજીએ તો જ આપણે સાંસ્કૃતિક વારસાને, પરમ્પરાને ટકાવી રાખીશું, આવનારા કાળચક્ર સામે આપણે આપણી સાંસ્કૃતિક પરમ્પરાને કેટલું બળ આપીને જીવાડીએ છીએ એ તો આપણાં જ પ્રયત્નો આપણને પ્રશ્ન કરીને પૂછશે. આપણા વૈવિધ્યપૂર્ણ કલા અને સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવા આપણે બધાંએ સહિયાં માનીને તેને વધારે પોષક અને બળવત્તર બને તેવાં પ્રયત્નો આરમ્ભવા જોઈએ. સંસ્કૃતિ અને પરમ્પરા એ હંમેશા એક દશ્યની માફક આવે છે, આપણે જોઈએ છીએ અને તેને સંઘરવા થોડાં સળવળિયે છીએ, પરન્તુ ત્યારબાદ પ્રયોગાત્મક કોઈપણ પ્રકારના પ્રયત્નો માટે આપણે સભાનતા કેળવતા નથી. કલા–સંસ્કૃતિ આપણને વારસામાં મળેલી જાગીર છે. જેને સાચવવાની દરેક માનવજાતની ફરજ બને છે. નહીં કે તેને શો–કેઈસમાં મૂકીને તેને તમાશો બનાવીએ.

## સન્દર્ભસૂચિ


૧. પટેલ શાંતિલાલ, 'ભારતના આદિવાસીઓ' રચના પ્રકાશન, અમદાવાદ,૧૮૬૭

૨. પટેલ અંબાલાલ, 'અમદાવાદના ભીલા–સાંસ્કૃતિક જીવન અને પરિવર્તન' અન્નપૂર્ણા પ્રિન્ટર્સ, અમદાવાદ, ૧૯૮૯.

૩. રામચન્દ્ર વર્મા, 'ભારતીય જનજાતિઓ અતીતના ઝરખેથી' નિયામક પ્રકાશન વિભાગ, માહતી અને પ્રસારણ મન્ત્રાલય, ભારત સરકાર, પમિાલા હાઉસ, નવી દિલ્લી–૧૯૯૮

४. कपुर सुभाषिनी, 'राजस्थान के भील और लोक संस्कृति' राजमार्ग प्रकाशन जवाहरनगर दिल्ली–१९६०